# આઇનોક્સ વિન્ડનો આઇપીઓ ૧૮ માર્ચે ખૂલશે

આઇનોક્સ વિન્ડ ઇનિશ્યલ પબ્લિક ઓફરિંગ (આઇપીઓ) થકી રૂા. ૧૦૨૫ કરોડ ઊભા કરવા ૧૮મી માર્ચના મૂડીબજારમાં આવી રહી છે. શૅર દીઠ રૂા. ૩૧૫-૩૨૫ની પ્રાઇસ બૅન્ડ સાથેનો આ ઇસ્યુ ૨૦ માર્ચના બંધ થશે. આમ છેલ્લા એક વર્ષમાં આ સૌથી મોટો પબ્લિક ઇસ્યુ છે.

કંપની વિન્ડ પાવર સોલ્યુશન્સ પ્રોવાઇડર કંપની છે. કંપની વિન્ડ ટર્બાઇન જનરેટર્સ બનાવે છે. ઉપરાંત વિન્ડ રિસોર્સ એસેસમેન્ટ, સાઇટ એક્વિઝિશન, સ્થાપવાના અને કાર્યરત કરવાના તથા વિન્ડ પાવર પ્રોજેક્ટસના લાંબા ગાળાની કામગીરી તથા જાળવણી માટે સેવાઓ આપી રહી છે.

કંપની રૂા. ૧૦ની મૂળ કિંમતના રૂા. ૭૦૦ કરોડના નવા શૅરો અને ગુજરાત ફ્લ્યુરો કેમિકલ્સના એક કરોડ શૅરની ઓફર-ફોર-સેલ આ થકી ઇસ્યુ કરી રહી છે. આ ઇસ્યુ માટેની ઓછામાં ઓછી ૪૫ શૅર્સની બીડ કરવાની રહેશે. ત્યાર પછી ૪૫ના ગુણાંકમાં ઓફર કરાશે. કંપનીના કર્મચારીઓને તથા રિટેલ ઇન્વેસ્ટરોને શૅર દીઠ રૂા. ૧૫નું ડિસ્કાઉન્ટ ઓફર કરાયું છે. આ ઇસ્યુ બુક બિલ્ડિંગ થકી કરાઈ રહ્યો છે. જેમાં નેટ ઇસ્યુના ૫૦ ટકાની ક્વોલિફાઇડ ઇન્વેસ્ટર્સ (ક્યુઆઇબી)ને સપ્રમાણ ધોરણે ફાળવણી કરાશે.